અરજી નં.૩૭૫ તા.૨–૩–૦૯

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૭–૧–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના રહેઠાણવારા વિસ્તારમાં નાગરીક કયા પ્રકારના કારખાના ચાલુ કરી શકે તે માહિતી માંગેલ તે બાબતે સુરત મહાનગરપાલિકા તરફથી યુઝ ટેબલ ઝોનની કોપી ફાળવેલ તે મુજબ બેગમપુરા દુધારા શેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં જરીના કારખાના ચાલુ કરેલ છે જેના કારણે અમારી મિલ્કતમાં અવાજ તેમજ ધ્રુજારી આવે છે જે ખરેખર યુઝ ટેબલ ઝોન પ્રમાણે ૪/૩૬૦ વાળી મિલ્કતના આવા મશીન રહેઠાણવાળા વિસ્તારમાં ન ચલાવી શકે તે બંધ કરાવવા માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની તા.૨–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૭૫/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૭–૧–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના રહેઠાણવારા વિસ્તારમાં નાગરીક કયા પ્રકારના કારખાના ચાલુ કરી શકે તેવી માહિતી માંગેલ તે બાબતે સુરત મહાનગરપાલિકા તરફથી યુઝ ટેબલ ઝોનની કોપી ફાળવેલ તે મુજબ બેગમપુરા દુધારા શેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં જરીના કારખાના ચાલુ કરેલ છે જેના કારણે અમારી મિલ્કતમાં અવાજ તેમજ ધ્રુજારી આવે છે જે ખરેખર યુઝ ટેબલ ઝોન પ્રમાણે ૪/૩૬૦ વાળી મિલ્કતના આવા મશીન રહેઠાણવારા વિસ્તારમાં ન ચલાવી શકે તે બંધ કરાવવા માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૧ તા.૧૨–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં૧૬૧૩ તા.૨૧ –૩–૦૯ થી પૂરક માહિતી અત્રેના વિભાગને મળેલ છે. જે અનુસાર તેઓ કક્ષાએથી અરજદારને તા.૨૭–૧–૦૯ ની અરજી બાબતે અરજદારને સમય મર્યાદામાં માહિતી પૂરી પાડેલ જણાયેલ છે. અરજદારને ૪/૩૬૦ વાળી મિલ્કતે ચાલતાં જરીના કારખાના બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પરથી જણાયેલ આવેલ નથી તેવી માહિતી સાથે યુઝ ઝોન ટેબલ સહિતની અરજદારને પુરી પડાયેલ નકલની કોપી નોંધ વિભાગ સહિતની માહિતી પૂરક વિગતોમાં પૂરી પડાયેલ છે.

અરજદારે તેમની તા.૨–૩–૦૯ ની અપીલ અરજીથી સમય મર્યાદામાં માહિતી મળેલ નથી અને 'ક' ફોર્મ મુજબ ની રજુઆત કરેલ છે. 'ક' ફોર્મમાં અરજદારે યુઝ ટેબલ પ્રમાણે ૪/૩૬૦ વાળી મિલ્કતના માલિક આવા મશીન રહેઠાણવાળા વિસ્તારમાં ન ચલાવી શકે તો તે તાકીદે બંધ કરાવવાની માંગણી કરેલ છે જે કાર્યવાહીને લગતી છે. અરજદારે માહિતી સબંધે કોઈ માહિતી નહી મળ્યાની રજુઆત કરેલ નથી.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) માહિતીની વ્યાખ્યા અને કલમ–૨(જે) માહિતી અધિકારની વ્યાખ્યામાં કરેલ જોગવાઈ અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અથવા તેમના તાબા હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કેસમાં અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા તેને લગતી હકીકતલક્ષી માહિતી અરજદારને આપેલ છે જે અરજદારે મુળ અરજીમાં ઝોન ટેબલ અંગેનો ઉલ્લેખ પણ કરેલ છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદારે કારખાના બંધ કરાવવા અંગે ખાતાકીય કાર્યવાહીને લગતી રજુઆત કરેલ છે. આથી જયાં સુધી માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈને સબંધ છે ત્યાં સુધી હકીકતલક્ષી દફતરી માહિતી ઉપલબ્ધ કરાવવાની છે જે પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી થયેલ જણાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧–૦૯ ની મૂળ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદામાં પુરી પાડેલ હોઈ અપીલ અંગે કંઈ કરવાનું રહેતું નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે ખાતાકીય કાર્યવાહીને લગતી કરેલ રજુઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
અ**ને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ,**
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,